## ઉમેદવારો માટેની અગત્યની સુચનાઓ

(૧) પરીક્ષા ખંડમાં સદર કોલ લેટર ઉપર નિયત જગ્યાએ તમારો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ ચોટાડી ફરજિયાત સાથે રાખવાનો રહેશે અને નીચેના ભાગમાં બ્લોક નિરીક્ષકની સહી કરાવી તેનું અડધિયું તમારી પાસે લઈ લેવું.

(૨) જાહેરાત મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તો જ લેખિત કસોટીમાં હાજર રહેવું.

(૩) EWS નું સરકારશ્રીના વખતોવખતના નિયમાનુસાર સક્ષમ અધિકારીનું અસલ પ્રમાણપત્ર માંગવામાં આવે ત્યારે બતાવવાનું રહેશે.

(૪) પરીક્ષાખંડમાં આપની ઓળખ માટે ઈલેકશન કાર્ડ,આધાર કાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ, પાસપોર્ટ, પાન કાર્ડ કે કોલેજનું આઈ- કાર્ડ પૈકી ગમે તે એક સાથે લાવવાનું રહેશે.

(૫) હાજરી પત્રકવાળું કોલ લેટરનું અડધિયું સાથે લાવવું ફરજિયાત છે.

(૬) પ્રશ્નપત્ર ૧૦૦ (જુનીયર/સિનીયર/હેડ ક્લાર્ક) અને ૬૦ +૧૫૦ (લેબ.આસિસ્ટન્ટ) માટે ગુણનું અને દરેકનો ૧ ગુણ રહેશે જેની દરેકે ખાતરી કરી લેવી.

(૭) દરેક પ્રશ્નના જવાબ માટે આપવામાં આવેલ ચાર વિકલ્પો પૈકી આપે પસંદ કરીને તેના ઉપર ઘૂંટીને દર્શાવવાનો રહેશે.

(૮) કોલ લેટર ઉપરની સૂચનાઓ ઉપરાંત કોલેજની વેબસાઇટ www.mnscpatan.org પરની વખતોવખતની સૂચનાઓ પણ અચુકપણે વાંચવી અને તેનું ચુસ્તપણે પાલન કરવું.

(૯) ઉમેદવાર નકલ કરતાં, ગેરરીતિ / ગેરશિસ્ત આચરતા જણાશે તો ગેરલાયક ઠેરવવા ઉપરાંત આગળની પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

(૧૦) ઉમેદવારે પ્રથમ પેજ ઉપર પોતાનો બેઠક નંબર ફરજિયાત લખવાનો રહેશે.

(૧૧) આ પ્રશ્નપુસ્તિકામાં ૧ થી ૧૦૦ પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ? તેની સૌ પ્રથમ ખાતરી કરી લેવી. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પુષ્ઠ ફાટેલું હોય કે કોઈ પુષ્ઠ સામેલ ન હોય (missing) હોય તો તે પ્રશ્નપુસ્તિકા ખંડ નિરીક્ષક પાસેથી તરત જ અચૂક બદલાવી લેવી.

(૧૨) પ્રશ્નપુસ્તિકા બદલવાના કિસ્સામાં જે પેપર કોડની પ્રશ્નપુસ્તિકા હોય તે જ કોડની પુસ્તિકા પરત મેળવી લેવી.

(૧૩) પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ધ્યાનમાં આવશે, તો તે ઉમેદવારને સંપૂર્ણ ગેરલાયક ઠરાવવામાં આવશે.

(૧૪) પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારના ઇલેક્ટ્રીક ઉપકરણો, મોબાઈલનો ઉપયોગ કરવો નહીં, તેમજ ઉમેદવારે તે ઉપકરણો પરીક્ષાખંડમાં સાથે રાખવા પણ નહીં.

(૧૫) ઉમેદવારે O.M.R. શીટમાં માત્ર બ્લેક અને બ્લ્યુ બોલપેનનો જ ઉપયોગ કરવાનો રહેશે.અન્ય કોઈપણ પ્રકારની પેન અથવા પેન્સિલનો O.M.R. શીટમાં ઉપયોગ કરવો નહીં.

(૧૬) OMR શીટમાં એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબ ખોટો જ ગણાશે.

(૧૭) ઉમેદવારે પ્રશ્નપુસ્તિકાની કોરી જગ્યામાં રફકામ કરવું, તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહીં.ઉત્તરવહીમાં (OMRશીટમાં) કોઈપણ રફવર્ક કે નિશાની કરવી નહીં.

(૧૮) પ્રશ્નપુસ્તિકામાં જવાબો સામે ટીક(√)નિશાની કરવાની સખત મનાઈ છે.

(૧૯) તમને આપવામાં આવેલ ઉત્તરવહી (OMRશીટ) વળે નહીં,ફાટે કે બગડે નહીં, તેની ખાસ કાળજી રાખવી.

(૨૦) ઉપરોક્ત સૂચનાઓનો અનાદર કરનાર ઉમેદવાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

(૨૧) દરેક ઉમેદવારે તેમના મોબાઈલ નંબર અને E-MAIL ADDRESS લેખિત પાર્ટ-A પરીક્ષા વખતે આપવાના રહેશે.